શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ



ચિત્રકાર : જય પંચોલી

ડિસેમ્બર-૨૦૧૯ અંક - ૧૨ વર્ષ ૫૭ સળંગઅંક : ૪૭૧ માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત**

**શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ-અંકલેશ્વર આયોજિ**

તમસો માં જ્યોતિર્ગમય

## સ્વ. અંજનાબેન જયેશભાઈ મહેતા સ્મૃતિ

# આકાંક્ષા-૩

ANKLWSHWAR



**અર્પણકર્તા :- હસ્તે : ભારતી હેમંતકુમાર મિસ્ત્રી-સુરત,**
**મૃદુતા મિસ્ત્રી પંચોલી-સુરત, ડો. શ્વેતા મિસ્ત્રી પંચોલી-અમદાવાદ**
**સ્થળ : મા શારદા ભવન(એ.સી. હોલ) જીનવાલા કમ્પાઉન્ડ, અંકલેશ્વર**
**સમય : તા. ૨૯.૧૨.૨૦૧૯, રવિવાર સવારે ૯.૦૦ થી ૫.૦૦**

અંકલેશ્વર એકમ તથા સ્વયં અંકલેશ્વરના સૌ સભ્યો સૌ જ્ઞાતિજનોનું આકાંક્ષા-૩માં ભવ્ય સ્વાગત કરવાની તૈયારી કરી રહ્યું છે. આ પોગ્રામમાં સ્વયંના યુવા સભ્યો, મહિલા મંડળની બહેનો તથા સૌ ઉંમરના નાના-મોટા સૌ સભ્યોને મનોરંજન મળી રહે તેવા ‘ટોટલ ધમાલ’ પોગ્રામનું આયોજન કર્યું છે.. અંકલેશ્વરની આગતા-સ્વાગતા તથા નાસ્તા-ભોજનથી આપ સૌ પરિચિત છો જ..

૩૫ કુટુંબનું નાનું એકમ હોવા છતાં જોરદાર તૈયારી કરવામાં આવી રહી છે.. ઘણાં લાબા સમય પછી અપરિચિત યુવાધનને મળવાનો સુંદર મોકો ચુકશો નહીં.. ગીત, સંગીત, ડાન્સ, વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા તો છેજ પણ સાથે સાથે Surpeize Programe નું પણ આયોજન કર્યું છે...

આપના એકમમાં કોઈપણ સભ્યએ વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તો એકમ દ્વારા જાણ કરશો...એમનું વિશિષ્ટ બહુમાન કરીશું..

સ્વયં ગ્રુપના સભ્યોએ કરેલ પ્રોજેકના ફોટોગ્રાફસ લાવવાનું ચુકશો નહીં...

તો ચાલો આપણે મળીશું તા. ૨૯.૧૨.૨૦૧૯ના રવિવારે સવારે ખુશનુમા વાતાવરણમાં......

**ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી**

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ’ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**માર્ચ - ૨૦૧૯**

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

દિવાળીના માહોલમાંથી પરવાર્યા હવે તડામાર તૈયારીઓ કરવાની મહામંડળ અને અંકલેશ્વર સ્વયં ગ્રુપ આયોજીત આકાંક્ષા-૩ની... આ લખાય છે ત્યારે ૩૦૦ની ઉપર રજીસ્ટ્રેશન થઇ ગયા... છે જો જો તમે ના રહી જાઓ....

દિવાળી કહી ખુશી કહી ગમમાં પસાર થઇ....બીલીમોરાના અલ્પેશભાઇના જીવનમાં એકના એક દિકરાનું મૃત્યુ ગમમાં ફેરવાયું પણ સમીરે તો પોતાના અમૂલ્ય એવા અંગદાન કરી પાંચ પાંચ વ્યકિતના જીવનમાં જીવનદાનનો પ્રકાશ પાથરતો ગયો.... ભલે સમીર મૃત્યુ પામ્યો પણ આજે સમગ્ર પંચોલી સમાજ તથા અંગ મેળવનાર પાંચે વ્યકિતઓના કુટુંબીઓ, સગાસબંધીઓમાં તો એ ચિરંજીવ બની ગયો... પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ આપે તથા અલ્પેશભાઇ અને તેમના સ્વજનોને પ્રભુ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ સમગ્ર પંચોલી સમાજ વતી પ્રાર્થના..

સ્વ. સમીરને મદદ માટેના એક જ મેસેજથી સમાજમાંથી, દેશ-પરદેશથી દાનનો પ્રવાહ વહ્યો.... આ આપણા સમાજનો સંપ, સહૃદભાવ અને એકતાનો સમાજને દાખલો પુરો પાડ્યો... જો આજ પ્રમાણે એકથઇને રહેશું તો આપણો પંચોલી સમાજ વધુને વધુ આગળ નીકળી જશે...આ માટે વિચારીશુ...

સમાજને ગૌરવવંત કરનાર અમદાવાદના સુપ્રસિધ્ધ ચિત્રકાર અને કલાગુરૂ એવા જય પંચોલીના સુંદર ચિત્રો અને એમનું જીવનકવન 'કલાવિમર્શ' ઓકટોબર-૧૯ના અંકમાં પ્રકાશિત થયું....અને સમગ્ર કલાજગતે તેની નોંધ લીધી...

તો અમદાવાદના પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીનું પુસ્તક 'હાસ્ય વર્ષા' બુકને પ્રથમ ઇનામ જાહેર કરવામાં આવ્યું....

બન્ને કલાકારોને ખૂબ ખૂબ અભિનંદન... અને હાર્દિક શુભેચ્છાઓ પણ ખરી...જ, જયેન્દ્રભાઇની પીછીંના કામણ અને પલ્લવીબેનની હાસ્યવર્ષા હજુને હજુ પ્રગતિના શિખરે પહોંચે...

દિપોત્સવી અંક કે દર માસે નવયુગ જેમને ના મળતુ હોય તેમણે કુરીયર કે આંગડિયા દ્વારા સરનામુ મોકલાવશો તેમને નવયુગ મોકલવામાં આવશે....આ મેસેજ તમારા સગાસબંધીને પણ આપજો... મોટા એકમોને સરનામાની યાદી મોકલવા છતાં હજી કોઇ તરફથી સુધારા વધારા વાળી યાદી પાછી મળી નથી.... હશે દિવાળીના કામમાં રહી ગઇ હોય... હવે આ નવયુગ મળે તુરત મોકલવા કૃપા કરશો.. કારણ નવયુગ પરત થાય તમને ન મળે એ બરાબર નથી.. મને નવયુગ દરેક જ્ઞાતિજનોને મળે એવી અપેક્ષા હોય છે... પરંતુ ખબર નથી કયાં પ્રોબલેમ આવે છે...

બીજુ આ વર્ષે આપે અંક જાયો હશે કેટલા પેજ ઓછા થયા છે... દર વર્ષે ૫ થી ૧૦ પેજનો વધારો આજે કેટલા વર્ષોથી થયા છે... પરંતુ આ વર્ષે જ્ઞાતિજનો નારાજ લાગ્યા... ઘણાં એકમોમાં વર્ષોથી જાહેર ખબરો આપતા હતા એ આ વર્ષે નથી આપી કદાચ સમય મર્યાદા ચુકી ગયા હશે... વાંધો નહીં... આપ ફુલ નહીને ફુલની પાંખડી સ્વરૂપે નવયુગમાં આપેલ ફોર્મ ભરીને આપની ભેટ અવશ્ય મોકલાવશો ....આપણે નવયુગને યાવતચંદ્રો દિવાકર સુધી ચલાવવાનું છે... અને હા આ તમારી ભેટ નવયુગને ઓકસીજનની ગરજ સારશે.... અંતમાં

તમે મન મુકીને વરસો (નવયુગ માટે)
ઝાપટું અમને નહી ફાવે...
અમે હેલીના માણસ,
માવઠુ આપણને નહીં ફાવે.... અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય ડી. મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી ૫.સૌ.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ કુશળ હશો. દિવાળી આવી અને ગઇ નવુ વર્ષના આરંભે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃધ્ધિ આવે અને સમાજ ખૂબ ખૂબ પ્રગતિ કરે એવી અભ્યર્થના...

કયારેય ના ભુલાય એવી આ દિવાળીના દિવસો રહ્યા, બીલીમોરા એકમના અલ્પેશભાઇ પંચોલીના નાનકડા સમીરને અકસ્માત થયો બ્રેઇન ઇન્જરી થતા ક્રિટીકલ પરિસ્થિતિ ઉભી થઇ, મદદ માટેના એક જ મેસેજના જવાબમાં સમાજે જે રીતે રીસ્પોન્સ આપ્યો તે અકલ્પનીય હતો. સ્વયં સુરત અને સ્વયં બીલીમોરા, ગણદેવી એકમે પણ પોતાની રીતે ફાળો એકત્ર કર્યો. મેં એક જ દિવસમાં એટલા ફોન રીસીવ કર્યા જેટલા સમગ્ર દિવાળી દરમ્યાન નથી કર્યા. દેશ-વિદેશથી પણ ફોન મળ્યા. સમગ્ર સમાજના આ અકલ્પનીય સહયોગ માટે અમારી પાસે આભારના કોઇ શબ્દો નથી. સમગ્ર સમય દરમ્યાન આવેલ/જાહેર થયેલ ફંડની જવાબદારી સંભાળી સુરત પંચના સહમંત્રીશ્રી નિલેશભાઇ જે. પંચોલીએ, એને હજી પણ તેઓ આ કાર્ય સાથે સંકળાયેલા છે. ખૂબ ખૂબ અભિનંદન નિલેશભાઇ..

ઘણા બધા પ્રયત્નો છતા ડોકટરો સમીરને બચાવી ના શકયા અને બ્રેનડેડ સમીરના માતા-પિતાને અભૂતપૂર્વ નિર્ણય લઇ પોતાના વ્હાલસોયા દિકરાના અંગદાનનો અત્યંત સરાહનીય નિર્ણય લીધો અને સમીર મૃત્યુ પામીને પણ પાંચ વ્યકિતને જીવનદાન આપી ગયો... ધન્ય છે માતા પિતાને..

મિત્રો અંકલેશ્વર એકમ આકાંક્ષા-૩ની તૈયારીઓ અંતિમ ચરણમાં છે, તમારું બુકિંગ થઇ ગયું ? બાકી હોય તો આજે જ કરાવો. મુંબઇ એકમ પણ ૮મી ડિસેમ્બરે પોતાનો અમૃત મહોત્સવની તૈયારીના આખરી ચરણમાં છે. મુંબઇ એકમના હાલના અને પાયાના તમામ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન, મુંબઇ એકમ ખૂબ પ્રગતિ કરે અને પોતાનું સર્વોત્તમ કાર્ય સમાજને આપતુ રહે એવી શુભેચ્છા.

આપણા સમાજના નીવડેલા અને યુવા સભ્યો પ્રગતિના સોપાન સર કરતા જાય છે, આનંદની લાગણી થવી સ્વાભાવિક છે.. જયેન્દ્રભાઇ પંચોલી(અમદાવાદ) એટલે કે જય પંચોલીએ પોતાનું નામ કલાજગતમાં અગ્રણી ચિત્રકારના લીસ્ટમાં લખવા કલાજગતને મજબુર કર્યુ છે. તેઓના દોરેલ રાધા-કૃષ્ણના ચિત્ર(જુઓ નવયુગના મુખપૃષ્ઠ પર) સહિત 'કલાવિમર્શ'ના ઓકટોબર-૧૯ અંકના ચિત્ર વિભાગમાં જય પંચોલીનું જીવનકવન પ્રકાશિત કરવામાં આવ્યું..

એવી જ રીતે અમદાવાદ સ્થાયી થયેલા અને અગાઉ સાહિત્ય અકાદમીનું ઇનામ મેળવનાર શ્રીમતિ પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રીની બુક 'હાસ્ય વર્ષા' સાહિત્ય અકાદમી ના પ્રથમ ઇનામ વિજેતા બુક જાહેર થઇ અને પલ્લવીબેનની યશ કલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું બન્ને મહાનુભાવો સમાજનું ગૌરવ છે, બન્નેને અભિનંદન અને આવા પ્રગતિના સોપાન ચડતા રહો એવી શુભેચ્છા..

અમોને મળેલ તમામ વિધવા - નિરાધાર સહાયની અરજીઓ મંજુર કર્યા મુજબની રકમ અરજદારના ખાતામાં મહામંત્રીશ્રી નિશિકાંત મિસ્ત્રીએ જમા કરાવી દીધી છે..

નવયુગનો દળદાર દિવાળી અંક તંત્રીશ્રી દિનેશભાઇ અને સહતંત્રી શ્રી મલયભાઇએ સમયસર અને અત્યંત સુંદર જાહેરાતથી શોભતા નવયુગને દળદાર બનાવવામાં સહયોગ આપ્યો છે.. કોઇ એકમે નવયુગ પર જાહેર ખબરની વર્ષા કરી તો કયાંક... આભાર જાહેરાત આપનાર તમામનો અને અભિનંદન દિનેશભાઇ અને મલયને..

બસ સમાજ આપણો છે અને આપણે સમાજ થકી આપણે સમાજને શું આપ્યુ એ વધુ મહત્વનું છે નહી કે સમાજે આપ્યુ તે..

કોઇ પણ કર્મ કરો સારું કે ખરાબ, બસ એટલું ધ્યાન રાખજો.. ભગવાન હંમેશા **On line** છે..

---

# મહામંત્રી નોંધ

નિશિકાંત બી. મિસ્ત્રી
મહામંત્રી-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



આત્મીય જ્ઞાતિજનો

દિવાળી પર્વની રાહ જોતા જોતા વિક્રમ સંવત ૨૦૭૬ના નવા વર્ષમાં પ્રવેશ કરીને એક માસ પણ પૂર્ણ થવા આવ્યો છે. દિવાળીમાં શું કરીશું ? કયાં ફરવા જઇશું ? બધાએ પોતાની રીતે પ્લાનિંગ બનાવ્યા જ હશે, બધા જ પોતાની રીતે એ મુજબ સફળ બનાવવાના પ્રયાસ કર્યો હશે. પરંતુ પ્રભુએ કોઇકના પ્લાનિંગને નામંજુર કરી કઠોરતા પણ દાખવી છે અને તેના આપણે જ્ઞાતિજનો સાક્ષી બનવાનું રહ્યું છે. વિક્રમ સંવત ૨૦૭૫ તેના છેલ્લા પડાવ તરફ હતું અને ૨૬મી ઓકટોબર શનિવારની સાંજ પછી સ્વ. સમીરના સમાચારથી દિલ હચમચી ગયું. છોકરાઓ વેકેશન પડે એટલે રમવાનું તો હોય જ, પણ રમવાથી પડી જવાય અને મોટી મુશ્કેલી કુટુંબીજનો પર આવી પડે ત્યારે... જ્ઞાતિજના યુવાનો, સ્વયં ગ્રુપના મેમ્બરો બધાએ Whatsapp, Facebook વિગેરેનો યથા યોગ્ય ઉપયોગ કરી સ્વ. સમીર માટે ખૂબ મહેનત કરી અને

તેના ફળ સ્વરૂપે દાતાઓનો યથાશકિત દાન પણ આપ્યું. માતા-પિતાની પ્રાર્થના, ડોકટરોની મહેનત, મીત્રોની ખડે પગે સેવા, બધુ જ હોવા છતા પ્રભુને એ મંજુર ન હતું. અને આ નાના જીવને પ્રભુએ આપણી વચ્ચેથી એના જીવનનો જીવનકાળ પૂર્ણ જાહેર કરવાની કઠોર મનસ્વીતા બતાવી. પણ એ પ્રભુના કઠોર નિર્ણયને માતા-પિતાએ, કપરી પળમાં પણ મનની સ્વસ્થા કેળવી, સમાજને રાહ બતાવનાર એક નિર્ણય લીધો અને અંગોનું દાન કર્યુ, જેના થકી તેમના પુત્ર બીજા પાંચ વ્યકિતમાં જીવંત રહેશે અને પ્રભુએ કરેલી કસોટીમાં આ નિર્ણય લઇને જે પગલું ભર્યુ તે માટે બન્નેને કોટી કોટી વંદન

આ અંક તમારા હાથમાં આવશે ત્યારે તેના થોડા દિવસ પહેલાં મુંબઇ એકમ તેના ‘અમૃત દિપોત્સવી રસોત્સવ ૨૦૧૦-૨૦ની ઉજવણી કરીને તેના પ્રસંગો વાગોળતો હશે જયારે અંકલેશ્વર એકમ થોડા દિવસના અંતરાલ પછી આકાંક્ષા-૩ માટે નવિન પ્રોગ્રામની રાહ જોતો હશે તે માટે તેમને ખુબ ખુબ શુભેચ્છાઓ...

વર્ષ દરમ્યાન કલ આજ ઓર કલ બધા જ કંઇક નવીન સિધ્ધિ પ્રાપ્ત કરી પોતાનુ અને સમાજનું નામ રોશન કર્યુ છે. અમદાવાદના સુપ્રસિધ્ધ ચિત્રકાર-કલાગુરૂ શ્રી જયેન્દ્રભાઇ પંચોલીનું ઉત્તર ગુજરાતની એક સંસ્થા દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું. તેની નોંધ લઇ અભિનંદન પાઠવવામાં આવે છે.. સાથે સાથે વર્ષ દરમ્યાન સમાજના જે જ્ઞાતિજનોએ વિશિષ્ટ કામગીરી કરીને પોતાનું તથા સમાજનું નામ રોશન કર્યુ છે. તે સર્વેને અમારા અભિનંદન, આવનારા દિવસોમાં વધુને વધુ કામ કરવાની શકિત આપે અને તેમાં તેમને સંપૂર્ણ સફળતા મળે એવી હાર્દિક શુભેચ્છા અને પ્રાર્થના..

વિક્રમ સંવત ૨૦૭૬ના પ્રથમ દિવસથી તારીખ ૨૮.૧૦.૨૦૧૯થી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સુધારા વધારા કરેલ બંધારણ સામાન્ય સભાના આદેશ મુજબ કરવામાં આવેલ છે. તેનો અમલ શરૂ થઇ ગયેલ છે.

નવયુગનો દિવાળી અંક એટલે તંત્રી માટે ખરેખર પરિક્ષાના દિવસો યાદ આવી જાય, તંત્રી અને સહ તંત્રીની મહેનતનું ફળ એટલે દિવાળી અંક, તેમને પણ દેશની મંદીનો અહેસાસ થયો. અને દર વર્ષ કરતા થોડો ઓછો દળદાર બન્યો.. પણ ખુબ સુંદર અને સરસ એડિટીંગ, મુખપૃષ્ઠ પણ વારંવાર જોવાનું મન થાય તેવું. તેઓને બધા વતી ખુબ ખુબ અભિનંદન...

અત્રેથી દિવાળી અંકમાં ખાસ સામાન્ય સભા અને સામાન્ય સભાના અહેવાલ/મિનીટસ છાપવામાં આવેલ છે. તેના મથાળે ફકત ખાસ સામાન્ય સભા અને સામાન્ય સભા એવું છપાયેલ છે. પરંતુ તે અહેવાલ/મિનિટસ હોય તે રીતે વાંચવું.. સમજવું.. સાથે સાથે ટાઇપોગ્રાફી ભુલ રહી જવા પામેલ છે. તેનો પણ અહી ઉલ્લેખ કરી તે મુજબ લખાણ લખાયેલ છે તેવું માનવું....

ટ્રસ્ટી તરીક શ્રી નવિનભાઇ સી. પંચોલી - વ્યારા છપાયેલ છે તેની જગ્યાએ શ્રી નવિનભાઇ વી. પંચોલી - વ્યારા વાંચવું તથા ચંદ્રકાંતભાઇ જે. પંચોલી-રાજપીપલા વાંચવું. અમુક નામોમાં જોડણી ભુલ રહી જવા પામેલ હોય તો દરગુજર કરશોજી...

સામાન્ય સભાની મિનિટસ પૂર્ણ થયા બાદ

સામાન્ય સભાની આ ડ્રાફ્ટ મિનિટ્સમાં સભામાં હાજર રહેલ સૌને વિનંતી કે, ઉપરોકત બાબતમાં કોઇપણ રજૂઆત હોય તો મુદ્દાસર લેખિતમાં પત્ર દ્વારા જ મહામંત્રીશ્રીને જાણ કરવા વિનંતી, કોઇપણ સોશ્યલ મીડિયા અથવા (સામાજિક નેટવર્ક ઉપર)/મારફતે આવેલ રજુઆતને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં...

તેની ખાસ નોંધ લેશોજી.....આભાર

**આથમતા સૂરજની ખાસિયત એ છે કે એને પડીને ઉગતા આવડે છે.**

# શ્રદ્ધાંજલી



**શ્રી નટવરલાલ રતીલાલ કાપડિયા**
**જન્મ : તા. ૧૫.૦૬.૧૯૩૫**
**સ્વ. તા. ૧૧.૧૦.૨૦૧૯**

ભકિત કરી તમે પૂણ્ય અમને આપ્યા,
ધર્મ કદી ભુલ્યા નહીં.. વ્યવહાર કદી ચુકયા નહીં..
સુખ કદી છલકાવ્યું નહી... જીવનમાં હરપળ હસતા રહ્યાં..
સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યાં..
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે
એજ પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. જસુબેન નટવરલાલ કાપડિયા
દેવેન્દ્રકુમાર નટવરલાલ કાપડિયા
ચેતનાબેન દેવેન્દ્રકુમાર કાપડિયા
ચિ. આશુતોષ - ચિ. વિવેક
બિપીનકુમાર નટવરલાલ કાપડિયા
કોમલબેન નટવરલાલ કાપડિયા
નિલેષભાઇ નટવરલાલ કાપડિયા
સીમાબેન નિલેષભાઇ કાપડિયા
ચિ. દક્ષય - ચિ. વંસીકા

૨/૪૫૪૯, મેઇનરોડ, સગરામપુરા
સુરત - ૩૯૫ ૦૦૨
મો. ૯૪૨૮૮ ૨૧૯૬૮

PancholiShaadi.com



નામ : હર્ષલ
પિતા : પરેશભાઇ મગનભાઇ પંચોલી
માતા : જયશ્રીબેન
જન્મ તા. : ૦૧.૦૧.૧૯૯૪ સમય : ૧૨.૧૮AM
ઉંચાઇ : ૫'૫'' વજન : ૬૪ કિલો
અભ્યાસ : Diploma in Mech. Engg.
સર્વિસ : Aarti Industries Ltd, Jhagdia
ભાઇ/બહેન : એક બહેન-પરણિત
મંગળ/શનિ : સાદો મંગળ
સરનામુ : એમ-૫, મોદીનગર સો.
અંકલેશ્વર-૧
Mo. : Harsal-9033595951/PareshBhai-9913167972
E-mail : harshalpancholi01@gmail.com



નામ : ગૌરાંગ (ડિવોર્સી)
પિતા : ચંદ્રકાંત નગીનલાલ પંચોલી
માતા : રંજનબેન - 94285 83825
જન્મ તા. : ૦૭.૦૮.૧૯૯૦ સ્થળ : વડોદરા
અભ્યાસ : B.Com.
સર્વિસ : Mahalaxmi Bank - Accountant
ભાઇ/બહેન : એક બહેન-પરણિત
સરનામુ : લાઇબ્રેરીરોડ, છોટાઉદેપુર
Mo. : Chandrakant-94280 69065

મંગલમય પ્રભાતથી શરૂ થતુ નવુ વર્ષ
સર્વે જ્ઞાતિજનોને લાભદાયી, ફળદાયી અને
યશસ્વી નિવડો એજ શુભેચ્છા....સહ



મેઘલ મધુસુદન પંચોલી
જન્મ તા. ૧૧.૦૫.૧૯૯૨

**શ્રી ગણેશ વસ્ત્ર ભંડાર**

લીમડી બજાર, મુ.પો. તેજગઢ, જિ. છોટાઉદેપુર

શ્રી મધુસુદન ત્રીકમલાલ પંચોલી
શ્રીમતિ શર્મીષ્ઠા મધુસુદન પંચોલી
મેઘલ મધુસુદન પંચોલી-૯૭૨૭૯ ૬૭૮૨૧

નીચલી બજાર, મુ.પો. તેજગઢ, જિ. છોટાઉદેપુર-૩૯૧ ૧૫૬
મો. : ૯૪૨૮૦ ૬૯૦૭૧

કોઈપણ કાર્ય એની પ્રેરણાથી કરો..
તમારાભાગે આવશે, કઈંક કર્યાનો એહસાસ થશે.

સ્વ. નટવરલાલ નગીનદાસ પંચોલી
ગં.સ્વ. પદમાબેન નટવરલાલ પંચોલી પરિવાર તરફથી
સર્વે સ્નેહીજનો-જ્ઞાતિજનોને નવા વર્ષના

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી દિનેશચંદ્ર નટવરલાલ પંચોલી — વડોદરા
શ્રીમતિ શારદાબેન ડી. પંચોલી
ચિ. ભાવિક પંચોલી
શ્રી જગદીશચંદ્ર પંચોલી — ભરૂચ
જીજ્ઞાશાબેન જે. પંચોલી
પાર્થ પંચોલી - કિંજલ પંચોલી
શ્રી રાજેન્દ્રકુમાર પંચોલી — સુરત
રીટાબેન રાજેન્દ્રકુમાર પંચોલી
જય પંચોલી
શ્રી હિતેશ પંચોલી - દિપ્તી એચ. પંચોલી
જૈમિન - હિરલ

શ્રી દિનેશચંદ્ર નટવરલાલ પંચોલી
૧૨૨, આશિર્વાદનગર ગોરવા, વડોદરા-૧૬
મો. ૯૮૯૮૧ ૨૬૫૪૭



PancholiShaadi.com

Name : Mitesh
Father : Balvantrai Bhikhabhai Pancholi
Mother : Hemlataben
Education : Dip. Instrumentaion & Control
Occupation: Service
Birth Date : 27/3/1991
Height : 5'4" Weight : 70Kg.
Address : C-1, 105, Shreeji Villa Residency
Valia Road, Bhadkodra
Ankleshwar-393 01
Mo. : 90338 37752 / 99259 22767

 સ્વ. છગનલાલ ઉત્તમરામ મિસ્ત્રી — મુંબઈ — શ્રી હરેશભાઈ નરોત્તમદાસ મિસ્ત્રી — મુંબઈ

# નારી સશકિતકરણ

શીલાબેન અશ્વિનભાઇ પંચોલી-વડોદરા

સ્ત્રી એટલે જિંદગીના રંગમંચ પર સિહર્સલ વગર દરેક ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતુ ઇશ્વરનું અદ્દ્ભુત સર્જન..

'યા દેવી સર્વ ભૂતેષુ શકિત રૂપેણ સંસ્થિતામ્'' દેવોના દેવ મહાદેવ પણ શકિત સ્વરૂપ સાથે અર્ધનારેશ્વર કહેવાય છે. સમસ્ત સંસાર-વિશ્વ નારીશકિતની ધરી ઉપર નિર્ભર છે.

શકિતના સ્વરૂપ અજોડ, અદભુત અને અનંત છે. નારી શકિતનું સર્જન અલૌકિક છે. તેથી જ નારીનું સ્થાન સમકક્ષ આદર પામેલુ છે માટે જ કહેવાયું છે કે 'નારી તુ નારાયણી'.એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. નારી એટલે ટેન્સન (બોજ) નહી પરંતુ નારી એટલે ટેનસન (દસ પુત્ર) બરાબર છે. આધુનિક નારી સુશિક્ષિત, સ્વાવલંબી, સ્પષ્ટવકતા અને સ્વતંત્ર વિચારધારા ધરાવતી નારી છે. તેથી તો કહેવાયુ છે કે ઘોડે ચડનાર બાપ મરશો પણ દળણા દળતી મા ન મરશો..

આજે વિશ્વના દરેક દરેક ક્ષેત્રે રાજકારણ, વ્યાપાર જગત, રમતગમત, સ્વરોજગાર, ઉડ્ડયન ક્ષેત્રે, ટ્રાવલીંગ હોય તો દરેક ક્ષેત્રે ૧૦ માંથી ૭ તો સ્ત્રીઓ જ હોય છે.. પરિવાર તથા નોકરીને સાથે રાખી આગવી સુઝ અને તાલમેલ સાધી હસતા હસતા નિભાવી જાણે છે. જરૂર પડે તો 'મી ટુ' આંદોલન કરવાની હિંમત પણ ધરાવે છે. આજની દિકરી મૃત પિતાને કાંધ આપી સ્મશાનમાં અગ્નિદાહ પણ આપી જાણે છે. એક સમયની અબળા ગણાતી નારી એ દરેક ક્ષેત્રે ગગનચુંબી શિખરો સર કર્યા છે. ચંદ્રયાનની સિધ્ધિના પાયામાં પણ નારીશકિત છે... સ્ત્રી સ્વના વિકાસ સાથે સમાજમાં કદમ મીલાવી શકિતનું સિંચન કરી ધ્યેય પ્રાપ્તિ માટે દ્રઢ મનોબળ સાથે મંઝીલને પ્રાપ્ત કરશે તો નારીનું સશકિતકરણ થયુ ગણાશે. શકિત-શિક્ષણ અને સહકારના સમન્વય દ્વારા સમાજ દેશને આગળ લાવવાને સહાયરૂપ છે. તમે આજે જાશો આપણા પંચોલી સમાજના મહિલા મંડળ એનું ઉદાહરણ જોવા મળે છે..

ક્રેડીટ લેવી એ સ્ત્રીની આવડત છે. દરેક સફળ પુરૂષની પાછળ એક સ્ત્રી રહેલી હોય છે...સ્ત્રી સ્ત્રીને નહી

---

## નવયુગ....ફુલ પાંદડી

૫૭ વર્ષથી નિયમિત વિનામૂલ્ય મળતુ પંચોલી નવયુગ ને આપણે 'યાવત ચંદ્રો દિવાકર' સુધી ચલાવવાનું છે.. તો આપે નવયુગમાં જાહેરાત ન આપી હોય કે રહી ગઇ હોય તો આ નવયુગ...ફુલ પાંદડીમાં આપની ભેટ જરૂરથી મોકલાવશો.....

નામ : ..............................................................................................................

સરનામુ ..............................................................................................................

મારાતરફથી નવયુગ ફુલ પાંદડીમાં રૂા................................. મોકલુ છું.... સ્વીકારશો...

પૈસા મોલનારની સહી...............................

# સંસ્થા સમાચાર



**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ સંચાલિત**
**શ્રી ભગીની સમાજ તેમજ આવિષ્કાર ગ્રુપ દ્વારા આયોજિત**



## અમૃત રાસ-ગરબા-૨૦૧૯

તા. ૬.૧૦.૨૦૧૦ દુર્ગાષ્ટિમીના શુભ દિવસે અમૃત રાસ-ગરબા ઉત્સવનું આયોજન મીરારોડ સ્થિત મહારાજા બેન્કવેટસમાં કરવામાં આવ્યું. ૪.૩૦ કલાકે સૌ ભેગા મળ્યા. આજના શુભ પ્રસંગે આજરોજ સુધીમાં કારોબાર સમિતિમાં કાર્ય કરી સમાજની સેવા કરનાર સર્વ સભ્યોનું સન્માન કરવામાં આવે અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપના કારોબારી સભ્યોને અગાઉથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ ગણેશવંદનાથી પ્રભુસ્મરણ કરી રાષ્ટ્રગીતને માન આપ્યું હતું. આજરોજના અધ્યક્ષા શ્રીમતિ હંસાબેન જયંતિલાલ મિસ્ત્રી તેમજ શ્રીમાન જયંતિલાલ ગોવિંદદાસ મિસ્ત્રીને લઇ પ્રમુખ શ્રી રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી સ્ટેજ પર પધાર્યા. આજના અધ્યક્ષા શ્રીમતિ અનિતા દેવાંગ પંચોલી અને શ્રીમાન દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલીને લઇ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના પ્રમુમ શ્રી હર્ષ ભાવિક કાપડિયા બિરાજમાન થયા. નારીરત્ન શ્રીમતિ હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીને લઇને ભગીની સમાજના પ્રમુખ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા સ્ટેજ પર બિરાજમાન થયા. આજરોજના અધ્યક્ષા તથા અધ્યક્ષશ્રી તરફથી તેમના આર્શીવચનો સાંભળ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે અધ્યક્ષા શ્રીમતિ અનિતાબેન અને અધ્યક્ષ શ્રી દેવાંગભાઇ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના ફાઉન્ડર મેમ્બર તેમજ પ્રથમ પ્રમુખ રહી ચુકયા છે. આ સાથે જ શ્રીમતિ હંસાબેન મહિલા ભગીની સમાજના પ્રમુખ રહી ચુકયા છે. નારીરત્ન માનનીય હસુમતીબેનનું સ્વાગત કરી તેમના મંતવ્યો સાંભળવાનો લ્હાવો મળ્યો. પંચોલી ભગીની સમાજના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે આજરોજના એક વિશિષ્ટ સેવા પદકનું અર્પણ શ્રીમતિ દિવ્યાબેન જયંતિલાલ મિસ્ત્રીને સન્માન સહિત સ્ટેન્ડી ઓવેશન તેમજ તાળીઓના ગડગડાટ સાથે કરવામાં આવ્યું. કોઇપણ કારોબારી સમિતિમાં નામ ન હોવા છતાં વર્ષોથી જમણવાર સમિતિને તેમનો સાથ સહકાર નિઃસ્વાર્થપણે મળતો રહ્યો છે. યુવામંચ આવિષ્કાર ગ્રુપના કારોબારી સભ્યોનું સન્માન કરવામાં આવ્યું. આજના પ્રસંગે નિમંત્રણને માન આપીને (અંકલેશ્વર એકમ અને લગ્ન પહેલા મુંબઇના સભ્ય) શ્રીમતિ અમિષા અજય પંચોલીએ હાજરી આપી હતી. તેમણે આવનાર કાર્યક્રમ આંકાક્ષા-૩ની રૂપરેખા રજુ કરી નિમંત્રણ તેમજ સન્માન માટે આભાર વ્યકત કર્યો હતો. આ સમયે વિશિષ્ટ ઉલ્લેખનીય બાબત સર્વે સભ્યોને સન્માન રૂપે અમૃત વર્ષના પંચોલી સમાજના પદકવાળો ૧૦ ગ્રામ ચાંદીનો સિકકો વ્યકિત દીઠ આપવામાં આવ્યા હતા. અમૃત આરતી સજાવટ સ્પર્ધાનું પણ આયોજન હોવાથી તેની સુચના આપી માતાજીની આરતી સ્તુતિ કરીને ગરબાની રમઝટ ચાલુ કરી હતી. ગરબાના તાલે સૌ જ્ઞાતિજનોના હૈયા હિલોળે ચઢયા હતાં. રાસ રમવામાં આવ્યા. આજરોજની થીમ ટ્રેડીશનલ હોવાથી સૌ કોઇ પરંપારિક ગુજરાતી પોષાકમાં સજ્જ હતાં. સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપ્યા બાદ ઈનામ વિતરણ કરવામાં આવ્યું. આજના પ્રસંગે નારીરત્ન શ્રીમતિ હસુમતીબેને સર્વે બહેનોને લ્હાણીની વહેંચણી કરી હતી.

આજના પ્રસંગે નીચે મુજબની સ્પર્ધા તેમજ વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા. નિર્ણાયકોનો આભાર માન્યો. **આરતીથાળી સ્પર્ધા વિજેતા :** પ્રથમ - શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી, દ્વિતીય-શ્રીમતિ હંસાબેન જયંતિલાલ મિસ્ત્રી, તૃતીય-શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી..

**રાસ-ગરબા સ્પર્ધા વિજેતા :**
વરિષ્ઠનાગરિક -શ્રી જીતેન્દ્ર ગોવિંદદાસ મિસ્ત્રી

નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી
શ્રીમતિ કલાવતી નવિનચંદ્ર મિસ્ત્રી
બાળકો :- પ્રથમ- કુ. દેવાંશી સંદીપ મિસ્ત્રી,
દ્વિતીય- કુ. નિકકી જીતેન્દ્ર મિસ્ત્રી
તૃતીય - કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી
યુવતી - શ્રીમતિ હિરલ નિલેષ પંચોલી
યુવક - શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી
બેસ્ટ કપલ-શ્રી નયન નવિનચંદ્ર મિસ્ત્રી-શ્રીમતિ ડિમ્પલ નયન મિસ્ત્રી
પોશાક-યુવતી : શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી
યુવક : શ્રી વિશાલ કમલ કાપડિયા
આજરોજના સન્માન કરવામાં આવેલ સભ્યો..

**ભગીની સમાજ**

અનુરાધા ચેતનભાઇ કાપડિયા-મીરારોડ
નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રિ-અંધેરી
માનનીય પ્રવિણાબેન મોહનલાલ કાપડિયા-મીરારોડ
ઉષાબેન પ્રમોદભાઇ મિસ્ત્રી-અંધેરી
હંસાબેન જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
ઇન્દિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ
કલાવતીબેન નવિનચંદ્ર મિસ્ત્રી-ગોલદેવઇ
મીનાબેન પ્રવિણભાઇ પંચોલી-લેમિંગ્ટનરોડ
નીરૂપાબેન નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
ઇલાબેન રજનીકાંત પંચોલી-વસઇ
ધર્મીષ્ઠાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી-મઝગાંવ
કેતનાબેન મનિષભાઇ પંચોલી-મુંબઇ
જાગૃતિ ચંદ્રવદન મહેતા-મુંબઇ
નીતાબેન દિપકભાઇ પંચોલી-વસઇ
ભાવનાબેન જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
ડો. ભાવના સંદીપ મિસ્ત્રી-અંધેરી
કૃપા આશિષ પંચોલી-અંધેરી
ધર્મી અનિષ પંચોલી-કાંદીવલી
પ્રિતી કિરણભાઇ પંચોલી-શાંતાક્રુઝ
રીટાબેન ક્રિષ્નકાંત પંચોલી-લેમિંગ્ટનરોડ
કવિતા વિજય પંચોલી-ડોંગરી
અનુરાધા મુકેશ પંચોલી-શાંતાક્રુઝ
પ્રભા રશ્મીન મિસ્ત્રી-મીરારોડ
મનિષા ભાવિક કાપડિયા-મીરારોડ
રેશ્મા કલ્પેશ પંચોલી-અંધેરી
કાજલ જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર
લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ
જાગૃતિ રાકેશ રમેશચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
સોનલ સંજય જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
શિલ્પા કુમારેશ જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
ત્રીવેણીબેન મુકુલભાઇ મિસ્ત્રી-અંધેરી

**આવિષ્કાર ગ્રુપ**

હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડ
દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલી-કાંદીવલી
તેજલ કેતન મિસ્ત્રી-મીરારોડ
વિપુલ જયંતિલાલ મિસ્ત્રી-શાંતાક્રુઝ
જીગ્નેશ જીતેન્દ્રભાઇ પંચોલી-પાર્લા
મિતેષ શાંતિલાલ પંચોલી-અંધેરી
કૌશલ પ્રમોદભાઇ મિસ્ત્રી-ગોરગાંવ
કલ્પેશ જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ
તેજલ પ્રિતેશ જયંતિલાલ મિસ્ત્રી-નવસારી
ડેનિશ દિપકભાઇ પંચોલી- વસઇ
જુબીન ભુપેન્દ્રભાઇ પંચોલી-મઝગાંવ
યેશા સંજય મિસ્ત્રી-મીરારોડ
વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ
મોનાલી મહેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ
રિધ્ધિ કમલેશભાઇ પંચોલી-બોરીવલી
ડિમ્પલ નયન મિસ્ત્રી-મીરારોડ
કશ્વી રાહુલ મિસ્ત્રી-મીરારોડ
કિંજલ વિજય મહેતા-કાંદીવલી
વત્સલ રશ્મીન મિસ્ત્રી-મીરારોડ
મયુર કમલેશ કાપડિયા-મીરારોડ
વૈદેહી વિશાલ કાપડિયા-મીરારોડ
કવિતા પ્રતિક પંચોલી-બોરીવલી
પલક કલ્પેશ મિસ્ત્રી-મીરારોડ
અમિષા નવિનચંદ્ર મિસ્ત્રી-અંકલેશ્વર
મનિષા જીતેન્દ્ર મિસ્ત્રી-દિલ્હી

અમૃત રાસ-ગરબા નિમિત્તે મળેલ ભેટ

**અધ્યક્ષ સ્થાનેથી**

૨,૫૦૦ શ્રીમતિ હંસાબેન અને શ્રી જયંતિલાલ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ

૨,૨૨૨ શ્રીમતિ અનિતા અને શ્રી દેવાંગ મહેન્દ્રભાઇ પંચોલી-કાંદીવલી

**પંચોલી નિભાવ ફંડ**

૪,૪૪૪ જયેશભાઇ હરકિશનદાસ મિસ્ત્રી-વિરાર

૩,૩૩૩ મયુર જગદીશ મિસ્ત્રી-મીરારોડ

૩,૩૩૩ જગદીશભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ

૩,૩૩૪ રાજેન્દ્રકુમાર ચુનીલાલ પંચોલી-ગોલદેવળ

૩,૩૩૪ કુણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-ગોળદેવળ

**ભગીની નિભાવ ફંડ**

૨,૨૨૨ શ્રીમતિ હર્ષાબેન જયેશભાઇ મિસ્ત્રી-વિરાર

૨,૨૨૨ શ્રીમતિ ઇંદિરાબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ

૨,૨૨૨ શ્રીમતિ હિના જયદીપ ઝવેરી-કાંદીવલી

૨,૨૨૨ શ્રીમતિ તરલિકા ગિરિશભાઇ ઝવેરી-કાંદીવલી

૨,૨૨૨ શ્રીમતિ દક્ષાબેન રાજેશભાઇ ચુનીલાલ પંચોલી ગોળદેવળ

૨,૨૨૨ શ્રીમતિ ટવીન્કલ કુનાલ રાજેન્દ્રભાઇ પંચોલી -ગોળદેવળ

**અન્ય ભેટ**

૧,૦૦૧ કુ. નિકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર સૈનિક સહાય

૩૦૦ શ્રીમતિ જ્યોતિબેન ઠાકોરલાલ મિસ્ત્રી-કાંદીવલી ગેસ્ટ ફી

૩૦૦ શ્રીમતિ ત્રિવેણીબેન મુકુલભાઇ મિસ્ત્રી-અંધેરી ગેસ્ટ ફી

**રાસ-ગરબા ભેટ**

૫૦૧ અમિષાબેન અજયભાઇ પંચોલી- અંકલેશ્વર

૧૦૧ જ્યોતિબેન જતીનભાઇ પંચોલી-ગોળદેવળ

૨૦૦ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-મીરારોડ

૫૦૦ નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી

૧૦૦ ભાવનાબેન ઉમેશભાઇ પંચોલી-કાંદીવલી

૧૦૦ ભારતીબેન ભરતભાઇ મિસ્ત્રી-તારદેવ

૧૦૧ આરતીબેન કિશોરભાઇ મિસ્ત્રી-મીરારોડ

૧૦૧ ક્રિષ્મા ધવલ મિસ્ત્રી-મીરારોડ

૫૦૦ અરૂણાબેન વિજયભાઇ મિસ્ત્રી-અંધેરી

૧૦૧ નિરૂપા નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ

૫૧ હેતલ કમલેશભાઇ પંચોલી-દુભાષલેન

૨૦૧ સોનલ શૈલેષભાઇ પંચોલી-કંભારવાડા

૧૦૧ નીતા વિમલ મિસ્ત્રી-મીરારોડ

૨૦૧ રીટાબેન ક્રિષ્નકાંત પંચોલી-લેમિંગ્ટનરોડ

**અમૃત દાન ઉત્સવ-૨૦૧૯**
**તા. ૧૭.૧૧.૨૦૧૯**




શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના નેજા હેઠળ ઉજવાતા વિવિધ કાર્યક્રમોમાં અમૃતકુંભમાં ફંડ ભેગુ કરવામાં આવેલું હતું. આ ફંડનો ઉપયોગ અમૃત દાન ઉત્સવમાં કરવાની યોજના હોવાથી તા. ૧૪ નવેમ્બર 'બાળદિન' નિમિત્તે સમાજના ૨૫ સભ્યો ભેગા મળીને મીરા - ભાયંદર ખાતે આવેલ 'અંકુર ચીલ્ડ્રન હોમ'ની મુલાકાતે ગયા. અંકુર હોમમાં આશરે ૨૦૦થી વધુ બાલક-બાલિકાઓ રહે છે. એમની રોજનીશી જાણી. તેમનો ખોરાક, ભણતર અને વિવિધ વિકાસલક્ષી પ્રવૃત્તિઓ જાણી. તેમને ઉપયોગી ખાદ્યપદાર્થોની જરૂર હોવાથી પહેલાથી જાણ થયા મુજબ વિવિધ વસ્તુઓ આપવામાં આવી. તેમના કેળવણીકાર અને કેરટેકરે જણાવ્યું કે તેમની આજરોજની પ્રેયર પંચોલી સમાજના નામે કરવામાં આવશે. સૌનુ ભલુ થાય એજ શુભેચ્છાઓ પાઠવી. બાળકો માટે ૧૦ કિલો દૂધનો અમૂલ પ્રોટીન પાવડર તેમજ ૧૨ કિલો જામના ડબ્બા આપવામાં આવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી પંચોલી

સેવા સમાજ મુંબઈનો 'સ્થાપના દિન' ૧૭ નવેમ્બર હોવાથી આ શુભ દિવસની વરણી આ સદ્કાર્ય માટે કરવામાં આવી. બાળકો સાથે આનંદ પ્રમોદથી સમય પસાર કરી તથા વાતચીતનો આનંદ માણી પરત ફર્યા.

## સ્વયં ગ્રુપ-સુરત



દર વર્ષ ની જેમ આ વર્ષે પણ સ્વયં સુરત ના સભ્યો એ સ્વયં ના સભ્યો તથા તેઓના પરિવાર ના સભ્યો માટે નવરાત્રી નું આયોજન કર્યું હતું......આ પ્રોગ્રામ માં ૪૦ લોકો એ ભાગ લીધો હતો.....આ માટે સ્વયં સુરત ના સભ્ય ચિરાગ પંચોલી ના ઘર નીચે સોસાયટી માં આ પ્રોગ્રામ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું....બધા સભ્યો ૯.૦૦ વાગે ચિરાગ ના ઘરે ભેગા થયા હતા ..સૌ પ્રથમ માં અંબા ની આરતી કરી ત્યાર બાદ ગરબા દોઢિયાં અને રાસ ની મજા સહુ એ માણી હતી.....ત્યાર બાદ ફાફડા જલેબી સમોસા એન્ડ કોલ્ડ્રિંક્સ નો નાશ્તો કરી સહુ ૧૨ વાગે છુટા પડ્યા હતા.......આ પ્રસંગે લાઈટ ની સ્પોન્સરશિપ ચિરાગ તથા સાગરભાઈ દ્વારા એન્ડ મ્યુઝિક સિસ્ટમ ની સ્પોન્સરશિપ સાગરભાઈ દ્વારા મળી હતી.......

### ચાંદની પડવોની ઉજવણી

સ્વયં સુરત ના સભ્યો દ્વારા સુરતી ઓ ના માનીતા તહેવાર ચાંદની પડવો (તા - ૧૪/૧૦/૨૦૧૯) ના દિવસે એક ગેટ ટુ ગેધર રાખવા માં આવ્યું હતું... આ પ્રસંગ નિમિતે બધા એ ડબ્બા પાર્ટી ▯ કરવાનું નાક્કી કર્યું હતું....જેમાં પાટુડી, ઇદડા, સમોસા, બટાકાવડાં, બ્રેડ પકોડા, પેટીસ, ચાઇનીસ ઇદડા, ભૂંગળા બટાકા, છાશ જેવી અલગ અલગ વાનગી ઓ બધા બનાવી ને લાવ્યા હતા.... બધા એ સાથે મળી ઘારી તથા ભોજન નો સ્વાદ માણ્યો હતો....ત્યાર બાદ સાથે મળી આકાંક્ષા માં સ્વયં સુરત દ્વારા રજુ કરનારા પ્રોગ્રામો અંગે ચર્ચા કરી હતી....અંતે ઠંડી સ્પ્રાઇટ ની મજા માણી સહુ છુટા પડ્યા......

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર



શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર, સ્વયં ગ્રુપ અંકલેશ્વર તથા મહિલા મંડળ અંકલેશ્વરની સંયુકત સ્નેહ મિલન સમારંભ કમ ઈનામ વિતરણ સમારંભનું આયોજન તા. ૧૦.૧૧.૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે શ્રવણ વિદ્યાધામ, કેશવપાર્ક ખાતે યોજવામાં આવ્યો.

પ્રથમ એકમ પ્રમુખ ડૉ. વિસ્મય મિસ્ત્રી, મંત્રી અજય પંચોલી, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેન અને મંત્રી શ્રીમતિ સોનલબેન, સ્વયં ગ્રુપ પ્રમુખ કુ. ક્રિના મિસ્ત્રી તથા મંત્રી ધર્મેશ પંચોલીને ડાયસ પર પધારવા વિનંતી કરતા સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ.

સમૂહમાં પ્રાર્થના કરી. કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પ્રમુખશ્રી ડૉ. વિસ્મયભાઈએ સૌને નૂતન વર્ષના અભિનંદન પાઠવી આકાંક્ષા-૩ માટેની કાર્ય સુચી જણાવી. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેને સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને સર્વે બહેનોને આકાંક્ષા-૩માં ખભે ખભા મિલાવી સાથ સહકાર આપવા અનુરોધ કર્યો... સ્વયં ગ્રુપ અંકલેશ્વરના પ્રમુખ ક્રિનાબેને સૌને આકાંક્ષા-૩ માટે સૌએ કાર્યક્રમને સફળ બનાવવા સાથ સહકાર આપવા અપીલ કરી તથા આકાંક્ષા-૩ના દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો. ડૉ. મહેશભાઈ મિસ્ત્રીએ આકાંક્ષા-૩ માટેની વિસ્તૃત માહિતી જણાવી. તથા એમના તરફથી જ્ઞાતિજનોને સુંદર કેલેન્ડર ગીફ્ટ આપી.

ડાયસ પર બિરાજેલ મહાનુભાવોના વરદ હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું..

જાનવી મલય મિસ્ત્રી નર્સરી

| | |
|---|---|
| વૈશ્નવી દિપેશકુમાર મિસ્ત્રી | યુ.કે.જી. |
| જીત પ્રજેશકુમાર પંચોલી | ધો.૧ |
| કૌશા વિશાલભાઇ પંચોલી | ૨ |
| યુગ હિતેશભાઇ મિસ્ત્રી | ૨ |
| અક્ષત મલય મિસ્ત્રી | ૪ |
| નિધિ હેમેન્દ્રભાઇ પંચોલી | ૪ |
| પ્રયાગ પરેશભાઇ મિસ્ત્રી | ૫ |
| નિષ્ઠા જેસલભાઇ મિસ્ત્રી | ૬ |
| તસ્મય પરેશભાઇ મિસ્ત્રી | ૭ |
| શુભમ પ્રશાંતભાઇ પંચોલી | ૭ |
| દેવ ગોપાલભાઇ પંચોલી | ૭ |
| હેમીલ ચેતનભાઇ પંચોલી | ૭ |
| તિર્થ ધર્મેશભાઇ પંચોલી | ૮ |
| અશીતી ગૌરાંગભાઇ પંચોલી | ૯ |
| નેહા હિતેશભાઇ મિસ્ત્રી | ૯ |
| રીધ્ધિ સંજયભાઇ પંચોલી | ૧૦ |
| શૈલી જેસલભાઇ મિસ્ત્રી | ૧૧ |
| જીત નિમેશભાઇ મિસ્ત્રી | ૧૨ |
| દિશા અજયભાઇ પંચોલી | ૧૨ |
| રીયા ધર્મેશભાઇ પંચોલી | ૧૨ |
| વિવેક ગજેન્દ્રભાઇ પંચોલી | સીવીલ એન્જી. |

ત્યારબાદ જાનવી મલય મિસ્ત્રી, જીત પ્રજેશ પંચોલી, નિષ્ઠા જેસલ મિસ્ત્રી તથા બાળકોએ સુંદર કાર્યક્રમ આપી મનોરંજન કરાવ્યું. શ્રીમતિ ખુશ્બુ અને કુ. ક્રિનાએ આકાંક્ષામાં રાખેલ કાર્યક્રમ કલ આજ ઔર કલ કાર્યક્રમ કરાવ્યો જેમાં એકદમ જુના, જુના અને નવા ગીતો રજુ કરી સૌને મઝા કરાવી... સ્વયં ગ્રુપ અને મહિલા મંડળે ગરબાની રમઝટ બોલાવી નવરાત્રીની ઝાંખી કરાવી.

મંત્રી અજય પંચોલીએ આભારદર્શન કરી સૌએ સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી છુટા પડયા.

## પંચોલી સેવા સમાજ –પાવી જેતપુર

આજરોજ પાવી જેતપુર એકમની મિટિંગ સભ્યશ્રી હરિવદન લલ્લુભાઇ પંચોલીને ત્યાં રાત્રે ૮.૩૦ કલાકે દ્રમુખશ્રી ગણપતભાઇ ભટાભાઇ પંચોલીના અધ્યક્ષ સ્થાને મળી.

તા. ૧૮.૦૬.૨૦૧૯ના રોજ ભરાયેલ મિટીંગની કાર્યવાહીનું વાંચન સભા સમક્ષ વાંચતા સર્વેએ બહાલી આપેલ છે.

ગત મિટિંગ બાદ હરકિશનભાઇ ગોરધનભાઇ તથા કાન્તીલાલ મોહનલાલની સભ્ય ફી તથા નવયુગનો ફાળો આવેલ તે વંચાણે લીધો.

પંચોલી નવયુગ માહે સપ્ટેમ્બર માસમાં પાન નં. ૧૬ ઉપર મહામંડળ દ્વારા આવેલ અગત્યની સુચના વંચાણે લીધી. તમામ સભ્યોને કુટુંબની માહિતી તથા સભ્ય ફાળાની રકમ રૂા. ૨૦ પ્રમાણે એકમમાં જમા કરાવવા પ્રમુખશ્રીએ સુચન કર્યુ.

આજની સભાનું પ્રયોજન અગામી દિવાળી અંકમાં !હેરાત અંગે સુચન કરતાં નીચે પ્રમાણેની જાહેરાત તા. ૨૮.૯.૧૦ ના રોજ સહમંત્રી કનુભાઇને આપવા માટે જાણ કરવામાં આવી. જેમાં નીચે પ્રમાણે જાહેરાત આવી. પંચોલી સેવા સમાજ પાવી જેતપુર-અડધુ પાનુ, પંચોલી ગણપતભાઇ ભટાભાઇ પા પાનુ, પંચોલી ગણપતભાઇ ભટાભાઇ પા પાનુ, પંચોલી કનુભાઇ હિંમતભાઇ અડધુ પાનુ, પંચોલી ગજેન્દ્રભાઇ પરસોત્તમભાઇ પા પાનું તથા પંચોલી શંકરલાલ અંબાલાલ તરફથી પંચોલી શુભચિંતક માટે મળ્યા. આ પ્રમાણેની જાહેરાત અંગે જાણ કરવામાં આવી.

અંકલેશ્વર એકમમાં યોજનાર આકાંક્ષા-૩ના અનુસંધાનમાં જેતપુર એકમમાંથી જનાર સભ્યોએ પોતાના નામ તથા તે અંગે સભ્ય ફીની રકમ એકમના મંત્રી પંચોલી નિમેશકુમાર શંકરલાલને તા. ૫.૧૧.૧૯ સુધીમાં જમા કરાવવા પ્રમુખશ્રીએ અનુરોધ કર્યો.

વરસતા વરસાદમાં પણ ઘણા સભ્યો હાજર રહેતા એકમના પ્રમુખ અને ઉપપ્રમુઅ પંચોલી ભુપેન્દ્રકુમાર હરીવદનભાઇ દ્વારા બટાકાપૌવા તથા ચ્હા-કોફીનો અલ્પાહાર કરાવ્યો હતો. અંતમાં સુંદર વ્યવસ્થા અને અલ્પાહારની વ્યવસ્થા કરવા બદલ ભુપેન્દ્રભાઇ તથા તેમના પરિવાર જનોનો આભાર વ્યકત કરી છુટા પડયા.

# મહિલા સમાચાર

## પ્રગતિ મહિલા મંડળ - વ્યારા

તા. ૬.૧૦.૨૦૧૯ના રોજ પ્રગતિ મહિલા મંડળની મિટિંગ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રમુખ શ્રી રીનલબેન દ્વારા સૌ બહેનોને આવકાર આપવામાં આવ્યો અને નવરાત્રી વિશેનું મહત્વ સમજાવવામાં આવ્યું.

પ્રથમ સરપ્રાઇઝ ગેમ હેતલબેન દ્વારા રમાડવામાં આવી જેના વિજેતા શ્રીમતિ કુસુમબેન શાંતિલાલ પંચોલી વિજેતા થયા. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. નવરાત્રી અને દિવાળી નિમિત્તે કોડિયા ડેકોરેશનની સ્પર્ધા રાખવામાં આવી હતી. તથા ગાંધી જયંતિ નિમિત્તે વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ ગાંધીજીનું જીવન ચરીત્ર અને સ્વચ્છતામાં પ્રભુતા વિશે સુંદર રજુઆત કરી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે દક્ષાબેન વ્યાસે સેવા આપી હતી. એમના નિર્ણયમાં કોડિયા ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ : યોગીતાબેન હેમંતભાઇ પંચોલી, દ્વિતીય પારૂલેન હિતેશભાઇ ગાંધી અને તૃતીય પદમાબેન હસમુખભાઇ પંચોલી તથા વકૃત્વ સ્પર્ધાના વિજેતા પ્રથમ : કુસુમબેન શાંતિલાલ પંચોલી અને દ્વિતીય સરસ્તીબેન અરવિંદભાઇ પંચોલી થયા હતા.

આવતા મહિનાની મિટિંગ તા. ૧૦.૧૧.૨૦૧૯ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું અંતમાં શેરડી રસને ન્યાય આપી છુટા પડયા...

નવરાત્રી નિમિત્તે સ્વર યુથ અને પ્રગતિ મહિલા મંડળ દ્વારા શરદ પુનમને દિવસે 'રાત્રી આફટર નવરાત્રી'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રગતિ મહિલા મંડળની બહેનોએ સુંદર ગરબા રજુ કર્યા હતાં. નાનાબાળકોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યું હતું. અંતમાં મકાઇના ચેવડાને ન્યાય આપી સર્વ છુટા પડયા.

તા. ૧૦.૧૧.૨૦૧૯ના રોજ પ્રગતિ મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી હતી. પ્રમુખશ્રી રીનલબેને સૌને આવકાર્યા ત્યારબાદ પદમાબેન એચ. પંચોલીની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. દિવંગત આત્માઓની શાંતિ અર્થે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલી આપવામાં આવી. સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલીએ યોગ વિશે મીહતી આપી. જેમાં ૧૦૮ તાળી પાડવી. હાથની કસરત, કાનની કસરત શીખવાડવામાં આવી.

પ્રિયંકાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેમાં સરસ્વતીબેન અરવિંદભાઇ પંચોલી વિજેતા બન્યા. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી.

તા. ૧૪.૧૧.૨૦૧૯ના રોજ જવાહરલાલ નહેરૂની જન્મ જયંતિ બાળદિન તરીકે ઉજવાય છે તે માટે બાળકો માટેની રમતગમતની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો..જેમાં રૂહી મિહિરભાઇ મિસ્ત્રી, નાયરા જીમી મિસ્ત્રી, વિહાન ટોની મિસ્ત્રી, શિવાય જીમી મિસ્ત્રી, જયરાજ હેમંત પંચોલી તથા ધ્યાન ભાવિક પંચોલી વિજેતા બન્યા હતાં. ત્યારબાદ દિવાળી નિમિત્તે બાળકો સાથે વિવિધ ફટાકડા ફોડી આનંદ માણ્યો.

બધા બાળકોને રીનલબેન તરફથી ઇનામ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. અગામી મિટિંગ તા. ૧૨.૧૨.૨૦૧૯ના રોજ રાખવામાં આવી અંતે વડા પાવની મઝા માણી સૌ છુટા પડયા.

## પ્રગતિ મહિલા મંડળ - વ્યારા

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની સપ્ટેમ્બર માસની મિટિંગ તા. ૨૦.૯.૨૦૧૦ના રોજ સ્નેહાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી.. પ્રથમ ગણેશ વંદના કરી ગણપતિની સ્તુતિ કરવામાં આવી હતી. વેલકમ ડ્રિંકસથી બહેનોનું સ્વાગત કર્યુ. પ્રોજેકટ

અનુસાર વિવિધ પ્રકારના લાડુ બનાવી લાવ્યા હતા જેનો ગણપતિજીને ભોગ લગાવી પ્રસાદ ગ્રહણ કર્યો હતો..

ટીચર્સ ડે નિમિત્તે બધી બહેનોએ ટીચર વિશે સંબોધન કર્યુ. તથા સ્વર્ગસ્થ પિતૃઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળ્યું. સ્નેહાબેને શ્રધ્ધા વિશે ગેમ રમાડી તથા હાઉસી પણ રમાડી. મંત્રીશ્રીએ નવયુગનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો.

સ્વ. શર્મીબેન કનુભાઇ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૨૦૦ અને સ્વે હરેશભાઇ ચંદુભાઇ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૧૫૦ ગીતાબેન તરફથી ભેટ મળ્યા.

કાઠીયાવાડી ભોજનને ન્યાય આપી સ્નેહાબેનનો આભાર વ્યકત કરી આગામી મિટિંગ હિરલબેનને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

પંચોલી ભગીની સમાજ રાજપીપલાની સપ્ટેમ્બર માસની મિટિંગ તા. ૧૧.૧૦.૨૦૧૯ના રોજ હિરલબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી.. એનર્જી ડ્રિંક્સથી સર્વે બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું નવરાત્રી ગઇ હોવાથી માતાજીની સ્તુતિ કરી સભાની શરૂઆત કરી.

નવરાત્રી નિમિત્તે બેસ્ટ ડ્રેસ અને ગરબાની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. સૌ બહેનો ઘરેથી દીવડા, તોરણ, માતાજીનો ગરબો અને દાંડીયા શણગારીને લાવ્યા હતા. સૌ બહેનોએ ગરબાની રમઝટ બોલાવી. ઉપરોકત કોમ્પીટીશનમાં પ્રથમ - જયશ્રીબેન પંચોલી, દ્વિતીય-જયનાબેન પંચોલી અને તૃતીય સ્મૃતિબેન અને દક્ષાબેન વિજેતા બન્યા. મંત્રીશ્રીને નવયુગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

સ્વ. દિનેશભાઇ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૫૦૦ એમના પરિવારજનો તરફથી મળ્યા.. ગાંધી જયંતિ અને બાળદિન નિમિત્તે એમના પ્રસંગો વાંચી સંભળાવ્યા. ત્યારબાદ હાઉસી અને વન મિનિટ ગેમ રમ્યા. આગામી મિટિંગ દક્ષાબેનને ત્યાં રાખવાનું નકકી કરી હિરલબેનનો આભાર વ્યકત કરી પંજાબી ડીશને ન્યાય આપી સર્વે છુટા પડયા..

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા




તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની નવેમ્બર માસની મિટિંગ તા. ૧૪.૧૧.૨૦૧૯ને ગુરૂવારના રોજ નીતાબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને બપોરના ૩.૩૦ કલાકે રાખવામાં આવી હતી જેમાં કારોબારીના તમામ બહેનો એ હાજરી આપી હતી. સર્વે બહેનોએ એક બીજાને નવા વર્ષની શુભકામનાઓ આપી. નીતાબેને સૌનું સ્વાગત જામફળનું જ્યુસ પીવડાવી સ્વાગત કર્યુ.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સમુહમાં દત્તાત્રેય સ્તોત્રનું પઠન કર્યુ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધી વિચારો રજુ કરી ગાંધીજીના વિવિધ કાર્યોની ચર્ચા કરી તેમના જીવનની જાંખી કરી. જ્યોતિબેન એસ. પંચોલી તરફથી બાપુની ઝાંખી પુસ્તકનું સૌ બહેનોને વિતરણ કરવામાં આવ્યું. સમાજમાં દિવંગત પામેલા આત્માઓની શાંતિ માટે શ્રધ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો.

દિવાળી પર્વની ઉજવણી નિમિત્તે દિવડા શણગાર કોમ્પીટીશન રાખવામાં આવી હોવાથી બધી બહેનો અવનવી ડિઝાઇનના દીવડા શુશોભિત કરી લાવી હતી. શ્રેષ્ઠ દિવડા શુસોભિતના પ્રથમ વિજેતા તરીકે પ્રથમ-નિકુંજબેન, દ્વિતીય વિજેતામાં ત્રણ બહેનોની પસંદગી કરવામાં આવી જેમાં લીનાબેન, પ્રજ્ઞાબેન અને જ્યોત્સનાબેનના દિવડાની પસંદગી કરવામાં આવી.

નહેરૂચાચાના જન્મદિન ‘બાળદિન’ની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળદિન નિમિત્તે ‘ચિલ્ડ્રન કાર્ડ મેકીંગ’ની કૉમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં પ્રથમ કાર્ડ વિજેતા આનંદીબેન અને દ્વિતીય વિજેતા હર્ષાબેન રહ્યા હતો.

આકાંક્ષા-૩માં અંકલેશ્વર મુકામે જવા માટે બહેનોને જણાવી પોતાના નામ નોંધનવવા જણાવવામાં આવ્યું. બહેનોએ પોતાના નામ લખાવી રજીસ્ટ્રેશન ફી જમા કરાવી. અંતમાં હાઉસી રમ્યા.

દિવડા સુશોભન અને ચિલ્ડ્રન કાર્ડ મેકિંગ કૉમ્પીટીશન ના વિજેતા બહેનોને નીતાબેન તરફથી ઇનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા.

અંતમાં સ્વાદિષ્ટ ભોજન તેમજ સુંદર વ્યવસ્થા કરવા બદલ નિતાબેન અને તેમના પરિવારજનોનો જ્યોતિબેન એસ. પંચોલીએ સૌ બહેનો વતી આભાર માન્યો આગામી મિટિંગ જ્યોતિબેન એસ. પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં મુખવાસ લઇ સૌ છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

પંચોલી મહિલા મંડળની મિટિંગ તા. ૫.૧૦.૨૦૧૯ને શનિવારના રોજ જયશ્રીબેન પરેશભાઇ પંચોલીના નિવાસ સ્થાને મળી હતી. પ્રાર્થના અને માતાજીની સ્તુતિથી મિટિંગની શરૂઆત કરવામાં આવી.

પ્રથમ ગત મિટિંગનો અહેવાલ તથા નવયુગ અહેવાલ વાંચવામાં આવ્યો. આ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરી ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

નવરાત્રી નિમિત્તે માટલી અને દાંડીયા શણગારની સ્પર્ધા રાખવામાં આવી હતી. સર્વે બહેનો ઘરેથી માટલી અને દાડીયા શણગારીને લાવ્યા હતા. જેના વિજેતા પ્રથમ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને દ્વિતીય સોનલબેન મનોજકુમાર પંચોલી થયા હતા. વિજેતા બહેનોને પ્રમુખશ્રી સ્નેહાબેનના વરદ હસ્તે ઇનામ આપી પ્રોત્સાહીત કર્યા.

આગામી ૨૯ ડિસેમ્બરે અકલેશ્વર મુકામે આકાંક્ષા-૩ પોગ્રામ માટે વકૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નિબંધ સ્પર્ધા વગેરે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. મહિલા મંડળની બધી જ બહેનો આકાંક્ષા-૩માં ર૦સ્ટ્રેશન જરૂર કરાવે.

ગાંધી જયંતિ નિમિત્તે સ્નેહાબેને સત્યના પ્રયોગ પુસ્તકના ગાંધીજી વિષેના પ્રસંગો કહેવામાં આવ્યા. નવરાત્રી નિમિત્તે બહેનોએ ગરબાની રમઝટ બોલાવી. રૂા. ૫૧ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી તરફથી વર્ષગાંઠ નિમિત્તે ભેટ મળી. અગામી મિટિંગ સાધનાબેન હેમલભાઇને ત્યાં બાળદિન નિમિત્તે રાખવાનું નક્કી કરી અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા..

તા. ૧૦.૧૧.૨૦૧૯ના રોજ શ્રવણ વિદ્યાભવન આતે સાંજે ૪.૩૦ કલાકે મહિલા મંડળની મિટિંગ રાખવામાં આવી. પ્રથમ સમુહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રથમ આ માસમાં આવતી બર્થડે અને એનીર્વરી ગીફટ આપી વીશ કરવામાં આવી.

આજરોજ બાળદિન નિમિત્તેની ઉજવણી કરવામાં આવી. બાળકોએ ‘નન્હા મુન્ના રાહી હું’ ના ગીત પર સુંદર ડાન્સ રજુ કર્યો. મીરાબેને જવાહરલાલ નહેરૂ વિશે સુંદર વાર્તાલાપ રજુ કર્યો.

આજરોજ રૂા. ૧૦૧ મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી-બર્થડે
૫૧ ભાવનાબેન ધર્મેશભાઇ પંચોલી-બર્થડે
૧૦૦ સોનલબેન મનોજભાઇ પંચોલી-એનીવર્સરી
૫૧ હેતલબેન તરફથી એનીવર્સરી નિમિત્તે
૧૦૦ મીનાબેન એચ. મિસ્ત્રી -એનીવર્સરી નિમિત્તે

અગામી મિટિંગ તા. ૫.૧૨.૨૦૧૯ના રોજ મીનાબેન ચંદુલાલ પંચોલી-ચૌટાબજાર આતે રાખવામાં આવી છે. આ દિવસે દિવાળી/બર્થડે/નાતાલ નિમિત્તે કાર્ડ મેકીંગ સ્પર્ધા તથા કેક સ્પર્ધા રાખવામાં આવી છે... કાર્ડ તથા કેક ઘરેથી બનાવીને લાવવા. અંતમાં ભોજનને ન્યાય આપી સૌ છુટા પડયા..

# STOP PRESS

# મહિલા સંગઠન



પંચોલી મહિલા સંગઠન તથા શોભાબેન અને સ્નેહાબેન તરફથી સર્વે જ્ઞાતિજનોને ઈસ્વીસન વર્ષ ૨૦૨૦ ના આગમન પ્રસંગે HAPPY NEW YEAR.

વિદાય થતા વર્ષ ૨૦૧૯ ને BYE BYE કરી આપણે સૌ ભવિષ્ય તરફ મીટ માંડીએ અને ૨૦૨૦ ને આવકારીએ તે પહેલાં ૨૦૧૯ ના વર્ષના અંતે થનારા આકાંક્ષા – ૩ ના કાર્યક્રમને આપણે સૌ ઉત્સાહ ઉમંગ સાથે બહોળી સંખ્યામાં માણવા ૨૯મી ડિસેમ્બરે અંકલેશ્વરના આંગણે ભેગા થઈએ અને યુવામિત્રો ના કાર્યને ખૂબ બિરદાવીએ . મહિલાઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમને માણવા ભેગી થશે એવી આશા. ઈસ્વીસન વર્ષ ૨૦૧૯ ના જાન્યુઆરી થી ડિસેમ્બર સુધીના પ્રોજેક્ટ સર્વે કાર્યરત મહિલા એકમોએ ખૂબ સારી રીતે પુરા કર્યા અને અમને સાથ આપ્યો એ બદલ સૌ મહિલા મંડળોનો આભાર.

ઈસ્વીસન વર્ષ ૨૦૨૦ એટલેકે ટવેન્ટી ટવેન્ટી ને આવકારતાં નવા પ્રોજેક્ટ સાથે અમે અહી ફરી હાજર થઈએ છીએ . આપેલા પ્રોજેક્ટમાં આપ સૌ આપના વિચારોનું નાવીન્ય ઉમેરશો જ એની ખાત્રી છે. તો ચાલો જાન્યુઆરી ૨૦૨૦ થી જુન ૨૦૨૦ પર નજર માંડીએ .



**જાન્યુઆરી** : વેસ્ટ માંથી બેસ્ટ માં કેરીબેગ બનાવવી, ગણતંત્રદિનની ઉજવણી, પતંગ શણગાર અને ચીકી હરીફાઇ, વસંત પંચમી નિમિતે સરસ્વતી પૂજન.

**ફેબ્રુઆરી** : ચૂલા વગર રાંધો ( કાચું તે સાચું ), પ્રવાસ આયોજન,

**માર્ચ** : મહિલા દિન ની ઉજવણી, હોળી ધૂળેટીની ઉજવણી, વાનગી સ્પર્ધા.

**એપ્રિલ** : ખજુરની વાનગી , ઠંડા પીણા હરીફાઈ.

**મે** : મહિલા મંડળ અને સ્વયં નો સમૂહ કાર્યક્રમ, સામાજિક સંસ્થા ની મુલાકાત, તેજસ્વી વિદ્યાર્થીઓ નું સન્માન

**જુન** : પર્યાવરણ બચાવો પ્રોજેક્ટ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ.

દરેક એકમ પોતાની રીતે વૈવિધ્ય લાવી શકે છે. મુંબઇ પંચોલી સમાજનાં ૭૫ વર્ષની ઉજવણી પ્રસંગે મુંબઇ એકમ વિવિધ પ્રવૃત્તિ કરી રહ્યું છે તે બદલ તેમને અભિનંદન. હંમેશા આજ રીતે વિવિધ કાર્યક્રમો કરતાં રહેશો એવી આશા. તો ચાલો ઉત્સાહ અને ઉમંગથી ૨૦૨૦ ને આવકારીએ .

***BYE BYE 2019 – WELLCOME 2020.......WHISH YOU ALL HAPPY NEW YEAR.***

# વાયબ્રન્ટ મહિલા મંડળ

છેલ્લા ચાર પાંચ વર્ષથી બધાં મહિલા મંડળ વધુ સક્રિય બને તે માટે વાઇબ્રન્ટ મહિલા મંડળ ની સ્પર્ધા રાખી છે. આ વર્ષે પ્રથમ છ મહિના જાન્યુ.૨૦ થી જુન ૨૦ માટે નીચે મુજબ ની પ્રવૃત્તિ કરવા વિનંતી છે. છ મહિના બાદ બીજા સૂચનો જણાવીશું.

ગ્રુપ A - જે એકમમાં ૧૦૦ થી વધુ ઘરો છે. જેમ કે વડોદરા ,મુંબઇ , વ્યારા ,સુરત અને રાજપીપળા . ગ્રુપ B - જે એકમમાં ૧૦૦ થી ઓછા ઘરો હોય તેમાં ઉપરોક્ત પાંચ એકમો સિવાયના બધાં એકમોનો સમાવેશ થાય છે

- દર મહીને પ્રવૃત્તિ નો અહેવાલ મહિલા મંડળ ના અધ્યક્ષા શોભાબેનને અને નવયુગ ના તંત્રી શ્રી.દિનેશભાઇ ને મોકલવો. અહેવાલના પાંચ પોઇન્ટ અને ફોટોગ્રાફ મોકલો તો ત્રણ પોઇન્ટ વધુ.
- દર મહિને પ્રોજેક્ટ કરે તો પ્રોજેક્ટ દીઠ પાંચ પોઇન્ટ.
- મહિલા મંડળ ની સભ્ય સંખ્યામાં વધારો થાય તો સભા દીઠ બે પોઇન્ટ મળશે.
- નવયુગ માં દિવાળીની જાહેરાત એકઠી કરવી , પાંચ હજારની જાહેરાત ભેગી કરે તો બે પોઇન્ટ. તે પ્રમાણે ૧૦ , ૧૫ , ૨૦ કે ૨૫ હજારની જાહેરાત પ્રમાણે પોઇન્ટ મળશે.
- મહામંડળ ની સામાન્ય સભામાં હાજર રહેલાં સભ્ય દીઠ બે પોઇન્ટ મળશે.

આશા રાખું છું કે આ સૂચનો મુજબ કાર્ય કરી સૌ એકમ સક્રિય બની મહિલા મંડળને વાઇબ્રન્ટ બનાવવા સાથે પંચોલી સમાજને પણ વાઇબ્રન્ટ બનાવવા પ્રયત્નો કરશોજી.

BEST OF LUCK .

અધ્યક્ષા : શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી – બીલીમોરા

કૉ.ઓર્ડીનેટર : સ્નેહાબેન પારસભાઈ મિસ્ત્રી - અંકલેશ્વર

## બિલીમોરા મહિલા મંડળ - યુવા સંગઠન

બીલીમોરા મહિલા મંડળ અને યુવા સંગઠનના સંયુક્ત ઉપક્રમે તા.૨૦/૧૦/૨૦૧૯ ને રવિવારની સાંજે કે. બી . કન્યાશાળાના મેદાન માં નવરાત્રી મહોત્સવ રાખવામાં આવ્યો હતો. તેમાં બહોળી સંખ્યામાં સૌ હાજર રહ્યા હતાં. ઉત્સાહથી થનગનતું યુવાધન નવરાત્રીને અનુરૂપ સુંદર સજાવટમાં અને બહેનો રંગબેરંગી સાડીમાં મહાલી રહી હતી.

સૌ પ્રથમ માતાજીની આરતી કરી થાળ ગાઈ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રસાદનો આસ્વાદ માણ્યા બાદ સૌ ગરબા રમવામાં પ્રવૃત થયા હતાં. સૌ ગરબાના તાલે રમવામાં મશગુલ થઇ ગયા હતા. ગરબા રમતાં કોઈ થાકતા જ નહોતા અને બંધ કરવાનું નામ લેતાં ન હતાં. પરંતુ સમય થતા ગરબા સમાપ્ત કરવામાં આવ્યા. આ ગરબા મહોત્સવમાં નીચે મુજબના ઈનામો આપવામાં આવ્યા હતા.

બેસ્ટ એકસન ( ૧ ) જયશ્રીબેન બી. મિસ્ત્રી . ( ૨ ) હેમંતભાઈ ઝ. પંચોલી

બેસ્ટ ડ્રેસ (૧) બીનાબેન ભ. પંચોલી .
(૨) માનનીય કાશ્મીરાબેન મિસ્ત્રી

બેસ્ટ એકસન યુવા (૧) વિવેક અ. પંચોલી .
(૨) ભાવિષા અ. પંચોલી

બેસ્ટ ડ્રેસ યુવા (૧) કોમલ ર. મહેતા.
(૨) અલ્પેશ ચં. મિસ્ત્રી

સ્પેશયલ ઈનામો (૧) નિશાબેન હે. પંચોલી .
(૨) બિનીતા જ. મિસ્ત્રી. (૩) મીહિર ર. મહેતા

નિર્ણાયક તરીકે નિવૃત શિક્ષિકા શ્રીમતી શકુંતલાબેન પંડયાએ કામગીરી બજાવી હતી. તેમનું પુષ્પગુચ્છ અને ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. પૌલોમીબેન દ. મિસ્ત્રી, ટિવંકલબેન જી. પંચોલી અને કાશ્મીરાબેન મિસ્ત્રી. આ ત્રણ દાતાઓ ઇનામના સ્પોન્સર હતા. હાજર રહેલા સર્વે ભૂલકાંઓને મહિલામંડળ તરફથી ડ્રોઇંગબુક અને ક્રેયોન્સ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ફરીથી સૌ યુવામિત્રો દોઢિયા રમવા લાગ્યા હતા. અંતે સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી સૌ છુટા પડ્યા હતા.

## વડોદરાનું ગૌરવ



વડોદરા નિવાસી સંજીવ પંચોલીના સુપુત્રી ચિ. પ્રિયા પંચોલી છેલ્લા ૭ વર્ષથી ન્યુયોર્ક યુનિવર્સિટીના મેડિસીન સેન્ટરમાં રીસર્ચ સાયન્ટિસ્ટ તરીકે કાર્યરત રહી અને અભ્યાસની સાથે સાથે હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં વિવિધ વિષયો પર ૪૦૦ જેટલી કવિતાઓ લખી છે.. આમ રીસર્ચની સાથે સાથે વિવિધ ભાષામાં કવિતા લખી ગૌરવ વધાર્યુ છે....

પ્રિયાને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ....કે એમની કલમ વધુને વધુ કાવ્યોનું સર્જન કરે....

### પ્રિયા પંચોલીના કાવ્યની એક ઝલક

રાહ પર નજર ટીકાએ,
એક રૂહ મંઝીલ કો તાક રહી..
વહી દૂર જહાં નજર જા રહી,
હૈ અપને ઘર કો પહચાન રહી..
એક રોશની પર રખ કર
વિશ્વાસ
વો સફર પર હૈ ચલ પડી
બિના કુછ પુછે-બિના કુછ સમજે
બસ ઉસ દુરી કો નાપ રહી..
કુછ વકત હૈ અભી ભી
કુછ રાસ્તે નાપના બાકી હૈ,
કિસીકા ઈંતેઝાર ખત્મ કર
વો હસી લુટના બાકી હૈ....

## હેપી બર્થડે.....



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ખજાનચી અને સુરત નિવાસી ઉમેશકુમાર ભોગીલાલ પંચોલી તા. ૨૫.૧૧.૨૦૧૯ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ કરે છે..

સમગ્ર પંચોલી ૫૦મા જન્મ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.....

## ગઝલ

પ્રેમ હો તો લાગણીના છોડવા મરતાં નથી
ખેદ અમને એટલો કે એ હવે મળતાં નથી.
દ્રષ્ટિ નો હો ફેર, એમાં વાંક ના કાઢી શકો,
કૃષ્ણ સાથે હોય રાધા, રુકમણી હોતા નથી
ઉપનિષદ હો કે પછી કુરાન ગીતા બાઇબલ
ઉરઝરણની વાત સૌમાં ક્યાંય પણ જડતાં નથી.
હાથ ખાલી લઇ જનમ્યા હાથ ખાલી લાભશે
પ્રેમ વચમાં થઈ ગયો એ કાં તમે ગણતાં નથી.
વૃક્ષતાને પામવાની હો ભલે ઈચ્છા અડગ
જો ન હો ગમતી ધરા તો મૂળ ઊતરતાં નથી.

© જયદીપ ઝવેરી - મુંબઇ

## હેપી બર્થડે.....



હની તુષારકુમાર
મિસ્ત્રી-સુરત
તા. ૨૭.૧૧.૨૦૧૯



જીશા અંકિતકુમાર
મિસ્ત્રી-અમેરીકા
તા. ૧૭.૧૧.૨૦૧૯

"END" અને "AND"
બને બોલાય છે સરખી રીતે
પણ એકનો અર્થ તોડવુ
અને બીજાનો જોડવુ થાય છે

# એક વાર જાવુ હરિના ધામમાં



સુરત નિવાસી કૈલાસબેન રતીકાંત ગજ્જર તા. ૯.૧૧. ૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.




બીલીમોરા નિવાસી તથા અંગદાતા સમીર અલ્પેશકુમાર મિસ્ત્રી ૩૦.૧૦.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. ૧૦



વ્યારા નિવાસી ધનગૌરીબેન અંબેલાલ પંચોલી તા. ૨૫.૧૦. ૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.




નવસારી નિવાસી ગં.સ્વ. નર્મદાબેન સૂર્યકાંત પંચોલી ૧૭.૧૦.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.




રાજપીપલા(હાલ યુ.એસ.એ.) નટવરલાલ જેકીશનદાસ પંચોલી તા. ૩૧.૧૦.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.



ગણદેવી નિવાસી શ્રી અમૃતલાલ ઇચ્છારામ મિસ્ત્રી તા. ૨૨.૦૯.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. ૮૦



બહાદરપુર નિવાસી પનાભાઇ નરોત્તમદાસ પંચોલી તા. ૯.૧૦. ૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.




સુરત નિવાસી નટવરભાઇ રતિલાલ કાપડિયા તા. ૧૧.૧૦.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૪



સુરત નિવાસી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજી પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર ઇશ્વરલાલ પંચોલીના માતુશ્રી ગં.સ્વ. હસુમતીબેન ઇશ્વરલાલ ગજ્જર તા. તા. ૯.૧૦. ૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી અ.સૌ. ગીતાબેન મનહરભાઇ પંચોલી તા. ૬.૧૧.૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૪૦



વ્યારા નિવાસી જયંતીલાલ ઠાકોરભાઇ પંચોલી તા. ૧૭.૧૧. ૨૦૧૯ના રોજ હરીના ધામમાં ગયા.

તેજગઢ નિવાસી રીંકેશકુમાર ગોવિંદભાઇ પંચોલી તા. ૨૫.૧૦.૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. ૮૦

# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૫૦૧/- ગણદેવી નિવાસી સ્વ. અમૃતલાલ ઇચ્છારામ મિસ્ત્રીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી


રૂા. ૫૦૧/- બહાદરપુર નિવાસી સ્વ. પનાભાઇ નરોત્તમદાસ પંચોલીના સ્મરણાર્થે વિનુભાઇ નરોત્તમદાસ પંચોલી તરફથી..

રૂા. ૨૦૦/- વ્યારા(હાલ પુના) નિવાસી બિપીનચંદ્ર જમનાદાસ પંચોલી તરફથી પૌત્ર વિધેયની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૩૦૧/- ચલામલી નિવાસી ગં.સ્વ. પદમાબેન મદનલાલ પંચોલી તરફથી પૌત્ર દીપના પરદેશગમન નિમિત્તે.

રૂા. ૧૫૦/- પાવી જેતપુર નિવાસી શ્રીમતિ ચંદ્રિકાબેન તથા કનુભાઇ હિંમતભાઇ પંચોલી તરફથી દોહિત્ર ચિ. સવ્યની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૩૦૦/- પાવી જેતપુર નિવાસી શ્રીમતિ ચંદ્રિકાબેન તથા કનુભાઇ હિંમતભાઇ પંચોલી તરફથી પુત્ર પાર્થને કેનેડાના પી.આર. મળ્યા તે નિમિત્તે..



## ક્ષતિદોષ.......

ચિ. ક્રિશિવ રીકીનકુમાર પંચોલી
જન્મ : ૨૯.૦૭.૨૦૧૯

રીકીનકુમાર જયંતિભાઇ પંચોલી
મો. ૯૯૭૮૯ ૧૧૬૨૪
સ્વેતા રીકીનકુમાર પંચોલી
મો. ૮૯૦૫૦ ૮૯૦૪૫

એ-૮, ઉમાપાર્ક સોસાયટી, શરણમ ચાર રસ્તા નજીક, પ્રમુખપાર્ક સો. પાછળ, વાઘોડિયારોડ, વડોદરા.

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. પરસોત્તમદાસ દાજીભાઇ પંચોલી નવસારી | શ્રી પ્રતાપભાઇ ગુલાબભાઇ પંચોલી નવસારી

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**